# સાહિત્ય અને સમાજ

ધીરુ પરીખ

સમાજ અનેક વર્ગો-કોમોનો બનેલો છે તેમ સમાજ અનેક કલાઓ પણ જન્માવે-વિકસાવે છે. પણ આ સમાજના મૂળમાં છે કોણ ? જવાબ મળશે કે મનુષ્ય, જો આપણે મનુષ્ય સમાજની વાત કરતા હોઈએ તો.

વ્યક્તિજીવનને સ્થાયી બનાવવા જેમ કુટુંબપ્રથા સર્જાઈ તેમ કુટુંબોને સ્થાયી અને સમૃદ્ધ બનાવવા સમાજની રચના થઈ. આ સમાજ વ્યક્તિજીવનની સુરક્ષા માટે છે તેમ તેના વિવિધ ભાવઘડતર માટે પણ છે. વિશ્વમાં વિવિધ દેશોમાં કાળખંડે સમાજની રચનાઓ થઈ છે. પણ એક બીજી વાત પણ સમાજરચનાથી સિદ્ધ થતી જોવા મળે છે અને તે કોઈ પણ સામાજિકની ભાવાભિવ્યક્તિને પોષણ પ્રાપ્ત થાય છે. આ રીતે સમાજમાં વિવિધ તબક્કે વિવિધ કલાઓનો જન્મ અને વિકાસ થતો રહ્યો છે.

આવી કલાઓમાંની એક કલા તે સાહિત્ય છે. અલબત્ત, જ્યારે લિપિ અને લેખન પૂરતાં નહોતાં ત્યારે બોલચાલની વાણીમાં પણ પૂર્વજો અભિવ્યક્તિ કરી પોતાની સર્જનતૃષા સંતોષતા હતા. આ પ્રકારના સાહિત્યમાં ભલે કોઈ સર્જક સક્રિય હોય, પણ ત્યાં નામઠામની એષણા નહોતી. આથી આવું સાહિત્ય લોકસાહિત્ય તરીકે પોંખાયું.

આ રીતે, જેમ અન્ય કલાઓનો આવિષ્કાર સમાજમાં થતો અને સમાજ દ્વારા તે ઉત્તેજાયો અને સંવર્ધાયો તેવું જ સાહિત્યની બાબતમાં પણ બનવા પામ્યું. પ્રત્યેક સાહિત્યકાર સામાજિક પણ છે જ. સમાજમાં જીવતાં જીવતાં જ તે બધું શીખે છે, સંસ્કારે છે અને સર્જનાત્મક અભિવ્યક્તિએ પહોંચે છે. આમાં ભલે સર્જકની કોઈ આંતર જરૂરિયાત હશે, પણ સમાજ એને માટે તખતો છે. એમાં રહ્યે રહ્યે, વિવિધ તબક્કે, વિવિધ સ્થળકાળે સર્જક સર્જન કરતો રહે છે.

આમ, સાહિત્યસર્જનમાં સમાજનો મહત્ત્વનો ફાળો છે. ક્યારેક સર્જક સમાજદીધાં ઊર્મિવલણોને અંગત સ્તરે આલેખે છે ત્યારે એને આત્મલક્ષી-subjective – સાહિત્ય કહે છે તો ક્યારેક અંગતતા ગાળીચાળીને એમાંથી આવતો સર્વગ્રાહી અને સર્વગ્રાહ્ય ભાવ જ્યારે આલેખાતો હોય છે ત્યારે તેને પરલક્ષી-objective – સાહિત્ય કહે છે. ભલે, એ આત્મલક્ષી સાહિત્ય હોય કે પરલક્ષી, પણ એમાં નિમિત્તરૂપ ક્યાંક ને ક્યાંક સમાજ તો હોય જ છે.

વળી સમાજ પણ કાળક્રમે વિચારવલણો બદલતો રહે છે. માનવીની વધતી જરૂરિયાતો, વધતા મોજશોખ ઇત્યાદિને કારણે નવી નવી શોધો થતી રહે છે. આથી સમાજની રહેણીકરણી અને વિચારવિમર્શમાં પરિવર્તનો આવતાં રહે છે. આ ઉપરાંત

ઔદ્યોગિક ક્રાંતિ, વૈજ્ઞાનિક આગેકૂચ, એમાંથી થતાં સામાજિક પરિબળોમાં પરિવર્તનો વગેરેને કારણે પણ સમાજનું માળખું બદલાતું રહે છે. આ બધી પરિસ્થિતિઓનો મનુષ્ય સાક્ષી છે. તો ક્યારેક એ સાક્ષીભાવ મૂક અનુભૂતિ રહી જાય છે તો વળી ક્યારેક તે શબ્દબદ્ધ કરવા મનુષ્ય પ્રતિબદ્ધ થાય છે.

મધ્યકાળમાં, શું આપણે ત્યાં કે અન્ય દેશપ્રદેશમાં, ધર્મ સમાજમાં મજબૂત પકડ ધરાવતો હતો. આ વિષયનું પ્રતિબિંબ આપણા દેશની, અન્ય પ્રદેશની સામાજિક નીતિરીતિમાં પડતું હતું. પરિણામે ધર્મ એ સમાજજીવનની જાણે કે નાડ સમાન હતો તેથી સર્જકોએ તેનો પડઘો પોતાનાં સર્જનોમાં ઝીલ્યો છે. ચંડીદાસ, સૂરદાસ, કબીર, આનંદઘન, તુલસીદાસ, નરસિંહ, મીરાં, પ્રીતમ, અખો, દયારામા ઇત્યાદિની રચનાઓમાં સમાજના આ મહત્ત્વના પાસાનું એક યા બીજી રીતે નિરૂપણ થયું છે. પ્રેમાનંદે પણ આખ્યાન જેવા કથામૂલક સ્વરૂપમાં સમાજજીવનને ઝીલ્યું છે.

કાળક્રમે આ ધર્મ આડમાર્ગે વિચર્યો ત્યારે પણ ત્યારના સર્જકોએ એને આડે હાથ લીધો છે. એની પાછળ વ્યક્તિજીવનની સુધારણા અને વ્યાપક અર્થમાં સામાજિક જીવનની સુધારણા કેન્દ્રસ્થાને રહી છે. અખાએ દંભી ધર્મગુરુઓ અને દાંભિક ધર્મરીતિઓ પર ચાબખા મારતા છપ્પા લખ્યા છે. દંભી ગુરુને નિશાન બનાવી અખો તીણી વાણી વદે છે :

**'ગુરુ થઈ બેઠો હોંશે કરી, કંઠે પહાણ શકે કયમ તરી ?'**

રતિક્રીડા જેવા વિષયને રાધા અને કૃષ્ણના આલંબનથી નરસિંહે સમાજને રતિક્રીડાનું પણ સમર્યાદ નિરૂપણ કરી બતાવ્યું છે :

**'જાગો રે, જશોદાના જીવન ! વહાણેલાં વાયાં;**
**તમારે ઓશીકે મારાં ચીર ચંપાયાં.'**

ધર્મ અને તેના કેન્દ્રમાં રહેલી આધ્યાત્મિકતા પણ સમાજમાં સંતો-ફકીરોએ આબાદ રીતે કાવ્યબદ્ધ કરી છે. આત્મા અને પરમાત્માના મિલનની જે આનંદઘડી નરસિંહે અનુભવી છે તે આમ વર્ણવે છે :

**'આનંદે આવે રે સબળા ! પૂરણ બ્રહ્મ મુરારિ રે;**
**બ્રહ્માદિકને ધ્યાને ના'વે તે-શું રમે વ્રજનારી રે.'**

તો વળી એ કાળે ધર્મના વિવિધ ફાંટાઓમાં પરમેશ્વરને પણ લોકોએ વિભક્ત કરી નાખ્યો હતો અને વિવિધ ધર્મ અને કર્મકાંડોને સમાજમાં જે સ્થાન મળતું તેનાથી માનવ-માનવ વચ્ચે ઐક્યને બદલે દૂરત્વ સર્જાતું. ત્યારે નરસિંહ આવા સમાજને ઉદ્દેશીને કહે છે :

**'વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનકકુંડળ વિશે વેદ ન્હોયે;**
**ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'**

તો દયારામ જેવો પરમ વૈષ્ણવ જૂઠા બની બેઠેલા વૈષ્ણવજનને કહે છે :

**'વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે;**
**શીદને ગુમાનમાં ઘૂમે ?'**

આવી જ રીતે કબીરે પણ મનુષ્યજીવનને નિષ્કલંક રાખી અંત સુધી જીવન વિતાવવાની વાત જીવનને ચાદરનું રૂપક આપી આબાદ કવિતા સર્જી છે :

**'જો ચાદર સુર, નર, મુનિ ઓઢી, ઓઢ કે મૈલી કિની ચદરિયા,**
**દાસ કબીર જતન સે ઓઢી, જ્યોં કિ ત્યોં ધર દિની ચદરિયા.'**

આ રીતે સમાજમાં માનવીના જીવનને લક્ષ્યમાં રાખી અનેક સંતકવિઓએ સામાજિક મુદ્દાઓને પોતાની કૃતિઓમાં વણી લીધા છે.

આપણે ત્યાં ગુજરાતીમાં અર્વાચીન યુગના આરંભે દલપતરામ-નર્મદ-નવલરામ આદિએ પણ સમાજસુધારણાને મુખ્ય પ્રવૃત્તિ બનાવી હતી. સમાજમાં કુરિવાજો, અંધ માન્યતાઓ, તેને લગતા વાગ્વ્યવહાર અને પ્રવૃત્તિઓમાં લોકોનું અંધશ્રદ્ધાયુક્ત માનસ પ્રકટ થતું હતું. આ બધું ધ્યાનમાં રાખી તે યુગના સર્જકોએ લેખનપ્રવૃત્તિ કરી હતી.

દલપતરામનો 'ભૂતનિબંધ', નવલરામનો 'નાતાવરા અને વરઘોડા' જેવો નિબંધ, રમણભાઈ નીલકંઠની 'ભદ્રંભદ્ર' રચના ગવાહી પૂરે છે કે સાહિત્યકારો સમાજથી ઊફરા ચાલ્યા નથી.

ફ્રાન્સમાં ૧૮૫૬માં પેરિસની નવરચના થઈ ત્યારે ત્યાંના કવિ બૉદલેરને તે ફેરફારોથી થોડી ગ્લાનિ થયેલી. પોતાની એ વેદનાને વાચા આપવા એમણે કેટલાંક ગદ્યકાવ્યો રચ્યાં. એમની આ નવા ચીલાની કાવ્યરચનાઓમાં પણ સામાજિક પરિવર્તન જવાબદાર છે. એલન ગિન્સબર્ગ નામના અમેરિકન કવિને તત્કાલીન અમેરિકન સમાજને કેન્દ્રમાં રાખી કાવ્યરચનાઓ કરી હતી તે પણ કાવ્યના ક્ષેત્રમાં સમાજની સંડોવણી અનિવાર્ય બને છે તે સિદ્ધ કરે છે.

આ રીતે સાહિત્યકાર સમાજથી વેગળો રહી શકતો નથી. ક્યારેક પ્રકટ તો બહુધા પ્રચ્છન્ન રૂપે તે પોતાના સર્જનમાં સમાજનું પ્રતિબિંબ ઝીલતો આવ્યો છે. આથી સાહિત્ય અને સમાજ વચ્ચેનો અવિનાભાવી સંબંધ સદાકાળ સ્થપાયેલો રહેશે.